એક કરોડની પઠાણી ઉઘરાણી માટે અપના બજાર પાસે સ્કોર્પીયો લઈને આંટા મારતા હતા

સે. ૬માંથી ત્રણ રાજસ્થાની દેશી તમંચા સાથે રંગેહાથ ઝડપાયા

લોડેડ તમંચો, ત્રણ કારતુસ, પાંચ મોબાઈલ અને સ્કોર્પીયો કબ્જે કરી : સે. ૭ અને એસ.ઓ.જી.ની ટીમે બુલેટપ્રુફ જેકેટથી સજ્જ થઈને ફિલ્મીઢબે ત્રણેયને ઝડપી પાડ્યા : જોધપુર જેલમાં સજા ભોગવી રહેલા મર્ડરના આરોપીના કહેવાથી ગાંધીનગર આવ્યા હોવાની કેફીયત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ અપના બજાર પાસે સ્કોર્પીયો ગાડીમાં રિવોલ્વર સાથે ત્રણ શખ્સો ફરતા હોવાની બાતમીને આધારે આજે સવારે સે. ૭ પોલીસ તથા એસઓજીની ટીમે બુલેટપ્રુફ જેકેટથી સજ્જ થઈને ફિલ્મી ઢબે ત્રણ શખ્સોને હથિયાર સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. રાજસ્થાનથી ત્રણેય શખ્સો સ્કોર્પીયોમાં ગાંધીનગર ખાતે એક કરોડની ઉઘરાણી માટે આવ્યા હતા. ઉઘરાણી જેના કહેવાથી કરવા આવ્યા હતા તે શખ્સ જોધપુર જેલમાં મર્ડરની સજા ભોગવી રહ્યો છે. ત્યાં બેઠા બેઠા મોબાઈલથી સંપર્ક કરીને આ ત્રણેયને મોકલવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેયની દેશી તમંચા તથા ત્રણ કારતુસ સાથે ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૭ પોલીસમથકના સેકન્ડ પી.આઈ. કે.એમ. જોસેફને સવારે બાતમી મળી હતી કે રિવોલ્વર જેવા હથિયારથી સજ્જ ત્રણ શખ્સો સ્કોર્પીયો ગાડી નં. ડીએલ.૪.સીએનબી-૩૦૪૫માં સે. ૬ અપનાબજાર નજીક આંટા મારી રહ્યા છે. જેને આધારે પી.આઈ. જોસેફ તેમની ટીમના પીએસઆઈ એ.કે. ભરવાડ, પો.કો. વિજયભાઈ પંડ્યા, યજવેન્દ્રસિંહ, મૃગેન્દ્રસિંહ, રતનસિંહ સહીતના માણસો તથા એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટ તેમની ટીમના પીએસઆઈ રાઠોડ પો.કો. નરેન્દ્રસિંહ સહીતના માણસો સાથે બુલેટપ્રુફ જેકેટથી સજ્જ થઈને બાતમીવાળા સ્થળ અપનાબજાર પાસે પહોંચી ગયા હતા. સ્કોર્પીયો ગાડીમાં બેસેલા ત્રણ શખ્સોને ઝબ્બે કરીને તપાસ કરતા તેમની પાસેથી દેશી તમંચો, ત્રણ કારતુસ, પાંચ મોબાઈલ અને સંખ્યાબંધ સિમકાર્ડ મળી આવ્યા હતા. રાજસ્થાનના બાઢમેલ વિસ્તારના રાજુ ઊર્ફે રાજેશ કરણારામ બિશ્નોઈ પાસેથી કારતુસથી લોડેડ તમંચો, જોધપુરના પુખરાજ છોગારામ બિશ્નોઈ અને કાલુરામ ગોવારામ બિશ્નોઈ બન્ને પાસેથી એક-એક કારતુસ મળી આવતા ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્રણેય સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી પુછતાછ શરૂ કરતા ત્રણેય રિઢા ગુનેગારો હોવાનું ખુલ્યું છે. કાલુરામ તરીકે ઓળખ આપી રહેલા શખ્સનું આખુનામ રામનિવાસ હોવાનુ ખુલી રહ્યું છે. તેમની પાસેથી જમીન દલાલીની ફાઈલ પણ મળી આવી છે. પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું છે કે જોધપુરની જેલમાં મર્ડરના ગુનામાં સજા ભોગવી રહેલા કોઈ અર્જુન નામની વ્યક્તિના કહેવાથી તેઓ ગાંધીનગર એક પાર્ટી પાસે ૧ કરોડની પઠાણી ઉઘરાણી કરવા રાજસ્થાનથી આવ્યા હતા. અર્જુન જેલમાં હોવા છતાં મોબાઈલથી સંપર્કમાં રહીને આ ધંધો કરાવતો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. સ્કોર્પીયો ગાડીની નંબર પ્લેટ પર ભારતીય જનતા પાર્ટીનું નિશાન પણ લગાવેલુ છે. પોલીસે દેશી તમંચો, ત્રણ કારતુસ, પાંચ મોબાઈલ અને સ્કોર્પીયો મળીને રૂ. ૩.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કડક પુછપરછ શરૂ કરી છે.



રાજ્યમાં ગેરકાયદેસર આયુર્વેદિક દવાઓનું વેચાણ કરનારા સામે પગલાં લેવા માંગણી

માત્ર ૨૦ દિવસમાં જ રોગ સંપૂર્ણપણે મટાડી દેવાના દાવા કરી લોકોના આરોગ્ય સાથે ચેંડા કરી નાણાં પડાવતા લેભાગુ ડૉક્ટરો

ગાંધીનગર, તા. ૬

સૌરાષ્ટ્રના તલાલા ગીર તાલુકાના રમળેચી ગામે આયુર્વેદિક દવા દ્વારા ભલભલા અસાધ્ય રોગો મટાડવાનો દાવો કરતા ગફાર કુરેશી ગેરકાયદેસર આયુર્વેદિક દવાઓ વેચી લોકોના આરોગ્ય સાથે ચેંડા કરતા હોવાની ફરિયાદ રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી હતી. આ અગાઉ પણ ગફાર કુરેશી અને તેના પરિવારના ગોરખધંધા અંગે સૌરાષ્ટ્રના પ્રતિષ્ઠિત દૈનિકોમાં ભોગ બનેલા દર્દીઓ દ્વારા લોકહીતની નોટીસો પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

વડોદરાના એક ડાયાબીટીશના દર્દીને આ કુરેશી પરિવારે માત્ર ત્રણ જ મહિનામા તેમનો રોગ સંપૂર્ણપણે મટાવી દેવાના દાવા સાથે માત્ર ૨૦ જ દિવસની દવાના રૂપિયા સાડા ત્રણ હજારથી વધુની ઠગાઈ કરી હોવાની રજૂઆત આરોગ્યમંત્રી સમક્ષ કરવામાં આવી હતી. ફેબ્રીકેશનનું નાનુ મોટુ કામ કરી ગુજરાન ચલાવતા આ દર્દીને લીલારંગની દવાના પડીકા આ લેભાગુ ડૉક્ટર દ્વારા આપવામાં આવ્યા હતા. જેને લેવાથી દર્દીનો ડાયાબીટીશ મટવાને બદલે વધી ગયો હતો અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ કારણથી દર્દીને સ્વસ્થ થવામાં દસેક માસ જેટલો સમય લાગી ગયો હતો અને મોટુ આર્થિક તેમજ માનસિક નુકસાન વેઠવુ પડ્યુ હતુ. આ અગાઉ પણ આ લેભાગુ પરિવારનો ભોગ બની દર્દીઓના મૃત્યુ પણ થયા છે. અને અનેક દર્દીઓ આર્થિક અને શારિરીક રીતે પાયમાલ થયા છે તેવી વિગતો મળતા આ દર્દીએ રાજ્યના આરોગ્યમંત્રી સમક્ષ આવા તત્વો સામે પગલા લેવા અને અન્ય લોકોને તેમની જાળમાં ફસાતા રોકવા અનુરોધ કર્યો હતો.

૭ ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ ઘરફોડીયો ઝડપાયો

ગાંધીનગર કોર્ટમાં એક વકીલને મળવા આવ્યો હતો : સે. ૭ પોલીસે ધરપકડ કરી લીધી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ ૨૦૧૩માં થયેલી ઘરફોડ ચોરીઓમાં પોલીસે અગાઉ એક ગેંગ પકડી હતી તેમાં એક સાગરીત વોન્ટેડ હતો. આ ઘરફોડીયો ગાંધીનગર કોર્ટમાં એક વકીલને મળવા આવ્યો હોવાની બાતમીને આધારે સે. ૭ પોલીસની ટીમે તેને ઝડપી પાડી ઘરપકડ કરી લીધી છે. અન્ય કોઈ સ્થળે ઘરફોડ ચોરીમાં તેનો હાથ છે કે કેમ તેની તપાસ માટે કોર્ટમાંથી રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ગત વર્ષ ૨૦૧૩માં ઘરફોડ ચોરી કરતી ગેંગ ઝડપાઈ હતી તે ગેંગે ૭ ઘરફોડ ચોરીના ગુનાઓની કબુલાત કરી હતી. આ ગેંગનો એક સાગરીત કનીશ મેરૂ ભાભોર (રહે. દાહોદ) નાસતો ફરતો હતો. ગાંધીનગર કોર્ટમાં આ વોન્ટેડ શખ્સ કનીશ એક વકીલને મળવા આવ્યો હોવાની બાતમી મળતા સે. ૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગાડરીયા તથા તેમની ટીમ ગાંધીનગર કોર્ટ પહોંચી ગઈ હતી. કોર્ટ પાસેથી તેને ઝડપી પાડીને ધરપકડ કરી લેવામાં આવી હતી. કનીશે અન્ય કોઈ ગુનાઓ આચર્યા છે કે કેમ? તે સહીતની તપાસ માટે તપાસનીય અધિકારીએ કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય ગુરૂ બ્રાહ્મણ સમાજનો રજત જયંતિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજ્ય ગુરુ બ્રાહ્મણ સમાજની સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતા આગામી તા. ૮ ફેબ્રુઆરીના રોજ રજત જયંતિ મહોત્સવ અમદાવાદ ખાતે યોજવામાં આવશે અને આ પ્રસંગે દંતાલી આશ્રમના સ્વામી સચ્ચિદાનંદજીના વરદ હસ્તે સમાજ દર્શનનું સોવિનીયરનું વિમોચન કરવામાં આવશે.

રાજ્ય કક્ષાની ગુરૂ બ્રાહ્મણ સમાજની સંસ્થાને આગામી ૮ ફેબ્રુઆરીના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થતા મંગળદાસ હોલ એમ.જે. લાયબ્રેરી પાસે એલીસબ્રીજ ખાતે બપોરે ૧.૦૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે ઉદઘાટન સમારોહ યોજવામાં આવશે.

રજત જયંતિ મહોત્સવમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પુરસ્કૃત થયેલા મહાનુભાવો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, સાહિત્ય, કલા, રમત ગમત, સમાજ સેવા, શિક્ષણ અને પંચાયતથી લઈ પાર્લામેન્ટના સદસ્યોનું સમાજના સાધુ સંતો, ગાદીપતિઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમમાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જયંતિભાઈ કવાડીયા, સંસદ સભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકી, રાજ્યસભા સભ્ય, શંભુનાથ મહારાજ, ધારાસભ્યો, આર.એમ. પટેલ, પૂનમભાઈ મકવાણા, મણિલાલ વાઘેલા તેમજ વિવિધ ક્ષેત્રના પદાધિકારીઓ ઉપસ્થિત રહી શ્રેષ્ઠીઓનું સન્માન કરશે.

આ કાર્યક્રમમાં રાજ્યભરના જ્ઞાતિબંધુઓને તન-મન-ધનથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ બી.કે. શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

ગુંજન લાફીંગ ક્લબનો જામળામાં કાર્યક્રમ

ગાંધીનગરની ગુંજન લાફીંગ ક્લબ દ્વારા આગામી ૨૬મી ફેબ્રુઆરીના રોજ જામળાના શ્રી આશુદેવ મહાદેવ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા રસ ધરાવતા લોકોને લાફીંગ ક્લબના કમીટી મેમ્બર મનહરભાઈ શાહનો સંપર્ક સાધવા ક્લબે જણાવ્યું છે.

આપણે યુદ્ધ તો જીત્યા પણ શાંતિની શોધ તો બાકી જ છે, શિબિર યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

વિશ્વગ્રામ ડૉ. દ્વારકાદાસ જોષી મેમોરિયલ ફાઉન્ડેશન દ્વારા શાંતિની સંસ્કૃતિ અને શાંતિ સ્નેહ અને સર્જનાત્મકતાનું શિક્ષણ વિષય પર સંવાદ શિબિર રાજ્યના અનેક શહેરોમાં યોજવામાં આવી હતી અનેક શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા.

સંવાદ શિબિર યાત્રાની શરૂઆત ગઈ ૨૭ જાન્યુઆરી અમદાવાદ ખાતેથી શરૂ કરવામાં આવી હતી. જેનું સમાપન આજરોજ ગુરૂવાર ગણેશપુરા ખાતે કરવામાં આવ્યું હતું. શિબિરમાં વિવિધ સાહિત્ય રસીકોએ વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

શિબિરમાં સનત મહેતા, જય વસાવડા, શાહબુદ્ધિન રાઠોડ, ધ્રુવ ભટ્ટ, ફાધર વિન્સેન્ટ, દાઉદભાઈ ઘાંચી, કુમારપાળ દેસાઈ જેવા નામી મહેમાનો અલગ-અલગ દિવસે ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોએ શાંતિની સંસ્કૃતિ વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

સંવાદ શિબિર યાત્રા દરમ્યાન માણસ કેવુ વિચારે છે અને કરે છે અને કેવી કક્ષામાં જીવતો હોય છે તેની પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. જેમાં હુ જે કંઈ વિચારૂ છું અને જે કાંઈ લાગણી થાય તે હુ છુ, એ મનુષ્યનું તાત્વિક સંસ્કરણ છે. જ્યારે મારૂ જે આચરણ છે તે હુ છુ, એ નૈતિક સંસ્કરણ છે. ત્યારે આ સદી અને આવનારા દિવસો આપણી સામે અનેક નવા સવાલો લઈને આવવાના છે ત્યારે શાંતિની સંસ્કૃતિ જ માણસને સાચી દિશામાં લઈ જશે.

ચિલોડામાં 'આપ' પાર્ટીના સભ્ય બનવા યુવાનો ઉત્સુક

ચિલોડા, તા. ૬

દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ સરકાર બનાવી ત્યારથી ગુજરાત રાજ્યમાં પણ 'આપ'નું જોર વધ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં ભાજપના સભ્યોની આમ આદમી પાર્ટીએ ઓવર ટ્રેક કરી છે. ચિલોડા ચાર રસ્તામાં આપના સભ્યો નોંધણી પૂરજોશમા રહી છે.

ગાંધીનગર તાલુકાનું ચિલોડા ગામ આજુબાજુના ગામડાઓ માટે સેન્ટર ગણાય છે અને રોજબરોજ હજારોની સંખ્યામાં આજુબાજુ ગામના નાગરિકોની હલનચલન રહે છે ત્યારે આપ આદમી પાર્ટીનું કાર્યાલયનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. ચિલોડાના આપ પાર્ટીના સંયોજક દેવેન્દ્ર જાની દ્વારા પાર્ટીના પ્રચાર અર્થે આજરોજ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ અને કાર્યાલય ખાતે સભ્ય નોંધણી પણ કરવામાં આવી રહી છે. સભ્ય નોંધણીમાં ચિલોડામાં ૨૯૪૮, ડભોડામાં ૮૩૬ અને મગોડીમાં ૨૨૫ સભ્યો નોંધાવા પામ્યા છે. સંયોજક જાનીએ જણાવ્યું હતુ કે યુવાનો આપ પાર્ટી પ્રત્યે ખુબ જ આકર્ષાયા છે અને નોંધણીમાં હજુ પણ પાર્ટીમાં જોડાવા માટે પ્રવાહ ચાલુછે.

ચિલોડા–દહેગામ હાઈવે પર અશ્વમેધ કોમ્પ્લેક્ષ પાસે

મરણોત્તર ક્રિયામાં જતી મહિલાનું ડમ્પરની અડફેટે મૃત્યુ

૭ વર્ષનો પૌત્ર પણ આંગળી પકડીને સાથે ચાલતો હતો : અકસ્માતમાં આંગળી છુટી જતાં પૌત્રનો ચમત્કારીક બચાવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક ચિલોડા-દહેગામ હાઈવે પર ૭ વર્ષના પૌત્રને લઈને ચાલતી જતી મહિલાનું અશ્વમેધ કોમ્પ્લેક્ષ પાસે બેફામ જતા ડમ્પરની અડફેટે ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે પૌત્રની અકસ્માતમા આંગળી છુટી જતાં તેનો ચમત્કારીક બચાવ થયો હતો. ચિલોડા પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની શોધખોળ આરંભી છે. મહિલા સાણંદથી ચિલોડા પાસે સંબંધીને ત્યાં મરણોત્તર ક્રિયામાં હાજરી આપવા જઈ રહી હતી.

અમદાવાદના સાણંદ તાલુકાના ચાંગોદર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય મહિલા ભાવનાબેન ભરતભાઈ જાની તેણીના ૭ વર્ષના પૌત્રને લઈને ચિલોડા નજીક રહેતા એક સંબંધીને ત્યાં મરણોત્તર ક્રિયા તેરમામાં હાજરી આપવા જઈ રહી હતી. ચિલોડા સર્કલે વાહનમાંથી ઉતરીને ભાવનાબેન ચાલતા જઈ રહ્યા હતા. તેમનો હાથ પકડીને પૌત્ર પણ સાથે ચાલી રહ્યો હતો તે દરમિયાન ચિલોડા દહેગામ રોડ પર બેફામ ગતીએ નિકળેલી ડમ્પર નં.જીજે ૧૮ એ.વી. ૭૭૭૧ના ચાલકે ભાવનાબેનને અડફેટે લેતા ચગદાઈ જવાથી ઘટના સ્થળ પર જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. જયારે આંગળી છુટી જતા પૌત્ર અકસ્માતની લપેટમાં આવતા બચી ગયો હતો અને તેનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ પી.જે. પંડયાએ ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ આરંભી છે. તો બીજી તરફ શોકમગ્ન સંબંધી કે જયાં તેઓ મરણોત્તર વિધીમાં હાજરી આપવા જઈ રહ્યા હતા તે સંબંધીને વધુ એક આઘાતનો સામનો કરવો પડયો છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૫.૨૯

તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ચિરાગ સિનેમા(કલોલ)

જય હો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ.

મીન : ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. છનાજી ધીરાજી ઠાકોર (ઉ.વ. ૬૬) મુ.પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. સેવંતીબાઈ રઘુનાથ કદમ (ઉ.વ. ૫૮) બ્લોક નં. ૧૧ ૩/૩, છ-ટાઈપ, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રમતુજી મણાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. જેઠીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભાવનાબેન ભરતભાઈ જાની (ઉ.વ. ૪૫) મુ.પો. નવાપુરા, તા. સાણંદ, જિ. ગાંધીનગર.